**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૨.૦ ડીગ્રી
લઘુતમ : ૮.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૯ ટકા ● સાંજે ૨૧ ટકા

# ન્યુ ગાંધીનગરમાં બહારના રોકાણકારોનો નોંધપાત્ર વધારો



ગાંધીનગર, તા.૮

ગુજરાતના પાટનગર ગાંધીનગરનો વિકાસ રોકેટ ગતિએ થયો છે. ગાંધીનગર શહેર જેવડું બીજુ નગર નિર્માણ પામ્યું છે. ગાંધીનગર-અમદાવાદ ટવીન સીટી બનવા જઈ રહ્યા છે. ત્યારે શહેરની આસપાસ ન્યુ ગાંધીનગર વિસ્તારમાં જયાં નજર કરો ત્યાં મોટી ઈમારતો, ફલેટ, બંગ્લોઝ નજરે પડતા કોક્રીંટના જંગલ જેવું લાગી રહ્યું છે. ત્યારે શહેરમાં હાલની સ્થિતિએ પણ નવી નવી ફલેટની સ્કિમો આવી રહી છે. ટપોટપ લાખો રૂપીયાના ફલેટ વેચાણ થઈ રહ્યા છે. ગાંધીનગર શહેરના નાગરીકો તેમજ રોકાણકારોએ તો જે તે સમયે મકાન, ફલેટ, દુકાન, બંગ્લોઝની ખરીદી કરી રૂપીયાનું રોકાણ કરી દીધુ હતું. તો હાલની સ્થિતિએ પણ ન્યુ ગાંધીનગર (ગુડા) વિસ્તારમાં નવી સ્કીમો નિર્માણ પામી રહી છે. જેમાં ગાંધીનગરાઓ નહીં પરંતુ શહેર આસપાસના જિલ્લાના રોકાણકારો રહેવા તેમજ બાળકોના અભ્યાસઅર્થે મકાનો ખરીદી લાખો-કરોડો રૂપીયાનું રોકાણ કરી રહ્યા છે. જયારે પાટનગર હોવાથી હાલના સમયમાં જે રોકાણ કર્યું છે તેનાથી પણ બમણું વળતર આગામી સમયમાં મળશે તે ગણતરીથી રોકાણકારો ગાંધીનગરમાં રોકાણ કરી રહ્યા છે. ગુજરાતનું પાટનગર ગાંધીનગર શૈક્ષણિક હબ બની ગયું છે. શાળા, કોલેજ, યુનિવર્સિટીઓ આવેલી હોવાથી લાખો વિદ્યાર્થીઓ શહેરમાં રહીને અભ્યાસ કરે છે. જયારે દેશની ટોચની કંપનીઓ પણ શહેરમાં આવેલી હોવાથી તેમાં હજ્જારો કર્મચારીઓ રાતદિવસ કામ કરી રહ્યા છે. જેને પગલે ભાડાના મકાન મળવા પણ મુશ્કેલીરૂપ બન્યા છે તેમજ મકાનના ભાડમાં પણ તોંતિગ વધારો ઝીંકાયો છે. જેથી કંપનીના કર્મચારીઓ પણ ટુંક સમયમાં મકાન ખરીદી રોકાણ કરે છે. શહેરમાં વાવોલ, સરગાસણ, કુડાસણ, રાયસણ, રાંદેસણ, ધોળાકુવા, ભઈજીપુરા, કોબા, અડાલજ, અંબાપુર, ચિલોડા, પાલજ, બાસણ સહિતનો વિસ્તાર વિકાસની હરણફાળ ભરી રહ્યો છે. જેમાં વાવોલ, કુડાસણ, રાયસણ અને સરગાસણ વિસ્તાર પ્રોપર્ટીની ખરીદી માટે હોટ ફેવરીટ માનવામાં આવે છે.

## ગાંધીનગર સિવિલમાં લીકર પરમીટ માટે પડાપડી

ગાંધીનગર,તા.૮

અરવલ્લી, સાબરકાંઠા, પાટણ, મહેસાણા, બનાસકાંઠા અને ગાંધીનગરમાંથી કોઈપણ વ્યકિતનો લીકર પરમીટ મેળવવી હશે તો ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સુધી લાબા થવુ પડશે. ત્યારે તાજેતરમાં જ ગાંધીનગર સિવિલમાં લીકરની કામગીરીનો પ્રારંભ થયો છે. ત્યારે ગણતરીના દિવસોમાં અંદાજીત ૧૫૦ થી વધુ નાગરીકો રીન્યુ તેમજ નવી લીકર પરમીટ માટે આવી પહોંચ્યા છે, અને હોસ્પિટલમાં લીકર પરમીટ માટે આમથી તેમ દોડાદોડી કરતા નજરે પડે છે.

પ્રાપ્ત માહિતી મુજબ લીકર પરમીટ માટે જે તે વ્યકિતએ સ્થાનિક કક્ષાએ જ અરજી કરવાની હોય છે. ત્યારબાદ ત્યાં જમા થયેલી અરજીનો જથ્થો ગાંધીનગર સિવિલ ખાતે આવે છે. ગાંધીનગર સિવિલમાં એચઓડી મેડીસીન, આરડીડી અને એમ્સની કમીટી દ્વારા મંતવ્યો રજુ કરવામાં આવે છે. તે મંતવ્યો જે તે જિલ્લા કક્ષાએ મોકલી આપવામાં આવે છે અને ત્યાંથી પરમીટ ઈશ્યુ કરવામાં આવે છે. પરંતુ લીકર પરમીટ માટે આરોગ્યની ચકાસણી માટે ગાંધીનગર સિવિલનો સંપર્ક કરવો પડે છે. ગાંધીનગર સિવિલમાં ઈસીજી, સોનોગ્રાફી તેમજ અન્ય રીપોર્ટ કર્યો હોય તેના માત્ર ચાર્જીસ લેવામાં આવે છે બાકીના કોઈ વધારાના ચાર્જ લેવામાં આવતા નથી. લીકર પરમીટ માટે રોગી કલ્યાણ સમિતિ દ્વારા નિયત કરેલ ચાર્જ લેવામાં આવશે. લીકર પરમીટની ઉમેદવારી કરનાર વ્યકિતએ ત્રણ કમીટીમાંથી પસાર થવુ પડશે. ત્યારે તાજેતરમાં જ ગાંધીનગર સિવિલમાં લીકર પરમીટની કામગીરીનો પ્રારંભ થયો છે. ત્યારે માત્ર ગણતરીના દિવસોમાં ૧૫૦ થી વધુ નાગરીકો લીકર પરમીટ માટે આવી પહોચ્યા છે અને સિવિલમાં પરમીટ મેળવવા માટે વિવિધ ટેસ્ટ માટે આમથી તેમ દોડતા નજરે પડી રહ્યા છે. જેથી આગામી દિવસમાં તો લીકર પરમીટ માટે ઉમેદવારોની સંખ્યા વધી શકે તેવું લાગી રહ્યું છે.

## રાંધેલો કે તૈયાર ખોરાક ખુલ્લો રાખીને વેચી શકાશે નહીં : રૂ.૨ લાખ સુધીનો દંડપાત્ર ગુનો બનશે

ગાંધીનગર, તા.૮

રાજ્યમાં ખાદ્યચીજ વસ્તુઓનો વેપાર કરતાં તમામ ફુડ બિઝનેશ ઓપરેટરો હવેથી દુકાન, લારી-ગલ્લા, રેસ્ટોરન્ટ કે હોટલ વિગેરે જગ્યાએ કોઈપણ પ્રકારનો તૈયાર રાંધેલો ખોરાક ખુલ્લો રાખીને વેચી શકશે નહીં. ખોરાકને સુવ્યવસ્થિત રીતે ઢાંકીને જ આરોગ્યપ્રદ સ્થિતિમાં સંગ્રહ તથા વેચાણ કરવાનો રહેશે.




ખુલ્લો રાંધેલો ખોરાક વેચવો એ ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ હેઠળના ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ (લાયસન્સીંગ એન્ડ રજીસ્ટ્રેશન ઓફ ફુડ બિઝનેશ) રેગ્યુલેશન ૨૦૧૧ના શિડ્યુલ-૪ ના ભાગ-૧ના નિયમ નંબર ૧૭નો ભંગ છે જે કલમ-૫૮ મુજબ રૂ.૨ લાખ સુધીના દંડને પાત્ર ગુનો છે. આથી કોઈપણ પ્રકારે ખુલ્લો ખોરાક વેચનાર ફુડ બિઝનેશ ઓપરેટર સામે એક્ટની જોગવાઈના ભંગ બદલ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેમ કમિશનર ઓફ ફુડ સેફ્ટી ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

## વીમાનું પ્રિમીયમ ભરવાના નામે નિવૃત અધિકારી સાથે રૂ.૫૦ હજારની છેતરપિંડી

**પોલીસી રદ થઈ જશે તેવો ફોન કરીને ચિટરે સે-૧ માં રહેતા નિવૃત અધિકારીને ચૂનો લગાવ્યો**

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરનાં સેકટર-૧માં રહેતા નિવૃત્ત અધિકારીને પખવાડિયા પહેલા ફોન આવ્યો હતો કે મેક્સ લાઈફ ઈન્શ્યોરન્સ કંપનીમાંથી બોલું છું, ઈન્સ્યોરન્સનું પ્રીમિયમ તાત્કાલિક ભરી દો, નહિતર પોલીસી રદ થઈ જશે. તેમ કહીને મોબાઈલ નંબર ઉપર બેન્ક ખાતાની ડિટેઈલ મોકલવામાં આવી હતી. આ ખાતામાં નિવૃત અધિકારીએ ૫૦ હજાર રૂપિયા જમા કરાવ્યા ત્યાર બાદ ખબર પડી કે આ તો કોઈ ચિટરે તેમની સાથે છેતરપિંડી કરી છે. તેમજ તેમણે જમા કરેલા પ્રીમિયમની રકમ ઈન્સ્યોરન્સ કંપનીમાં જમા થઈ જ નથી. આખરે આ મામલે પોલીસ મથકમાં છેતરપિંડી અંગે નિવૃત્ત અધિકારીએ ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર શહેરના સેક્ટર-૧ ખાતે રહેતા એક નિવૃત અધિકારીએ તેમની સાથે થયેલી છેતરપિંડી મામલે પોલીસ ફરિયાદ નોંધાવી છે. નિવૃત અધિકારીએ તેમના દીકરાના નામે મેક્સ લાઈફ ઈન્શ્યોરન્સ કંપનીનો વીમો લીધેલો છે. જેનું વાર્ષિક પ્રિમીયમ રૂ.૫૦,૦૦૪ નિવૃત્ત અધિકારી દર ફેબ્રુઆરી માસમાં ભરે છે. આ ફેબ્રુઆરી માસમાં ચોથું વાર્ષિક પ્રીમિયમ ભરવાનું હતું. તે પહેલા જ પખવાડિયા અગાઉ ૨૧ જાન્યુઆરીએ નિવૃત અધિકારીનાં મોબાઈલ નંબર ઉપર ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે મેક્સ લાઈફ ઈન્શ્યોરન્સ કંપનીમાંથી રાજેશ શર્મા બોલું છું. તમે લીધેલા વીમાનું પ્રીમિયમ તાત્કાલિક ભરી દો નહિતર પોલીસી રદ થઈ જશે. નિવૃત અધિકારીએ કહ્યું કે મને આ મામલે કોઈ મેસેજ મળ્યો નથી. આ સંદર્ભે તમે મને મેસેજ કરો. બીજા દિવસે નિવૃત અધિકારીના મોબાઈલ નંબર ઉપર ટેક્સ્ટ મેસેજ આવ્યો. જેમાં પંજાબ નેશનલ બેંકનો એકાઉન્ટ નંબર પણ હતો. નિવૃત અધિકારીએ માની લીધું કે કંપનીમાંથી જ ફોન હશે અને આ મેસેજને સાચો ગણીને એસબીઆઈમાં જઈને રૂ. ૫૦ હજાર પ્રીમિયમ પેટે તે ખાતામાં જમા કરાવી દીધા હતા. ત્યારબાદ નિવૃત અધિકારી મેક્સ લાઈફ ઈન્શ્યોરન્સ કંપનીમાં ગયા અને આ મામલે જાણ કરી તો ખબર પડી કે આવું કોઈ બેન્ક એકાઉન્ટ તેમની કંપનીના ખાતાનું છે જ નહીં અને તેમના પ્રીમિયમનો એક પણ રૂપિયો કંપનીના ખાતામાં જમા થયો નથી. નિવૃત અધિકારી છેતરાયા હોવાનો અહેસાસ થઈ ગયો હતો અને આખરે તેમણે આ મામલે સેક્ટર-૭ પોલીસ મથકમાં ફરિયાદ આપતા પી.એસ.આઈ એ.જે.શાહે ગુનો દાખલ કરીને ઘટનાની વધુ તપાસ આરંભી છે.

## મોટી આદરજમાં ૧૨મીએ આયુર્વેદ નિદાન કેમ્પ

ગાંધીનગર, તા.૮

આયુર્વેદ શાસ્ત્રના આઠ અંગો સાથે વિશ્વનું પ્રાચીન ચિકિત્સા શાસ્ત્ર છે ત્યારે જિલ્લા પંચાયતની આયુર્વેદ શાખા ગાંધીનગર દ્વારા નિઃશુલ્ક આયુર્વેદ હોમિયોપેથી નિદાન કેમ્પનું તા. ૧૨ ફેબ્રુઆરી, મંગળવારના રોજ સવારે ૯.૧૫ થી ૧.૩૦ કલાક દરમિયાન ગાંધીનગર જિલ્લાના મોટી આદરજ ગામે, અંબાજી માતાના મંદિરમાં, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પાસે આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં વિવિધ સેવાઓ, સાંધાના દુઃખાવાની તાત્કાલિક સારવાર અગ્નિ કર્મ અને જાલંધર બંધ જેવી પદ્ધતિથી અકસીર ઈલાજ કરવામાં આવશે. દાંતને લગતી સારવાર, ડાયાબીટીસીમાં રખાતી સંભાળ અંગેનું માર્ગદર્શન, મેદસ્વીપણા અંગેનું સલાહ સુચન, વંધ્યત્વ વિશે માર્ગદર્શન અને બાળરોગની તમામ સમસ્યાની સારવાર આપવામાં આવશે. આ ઉપરાંત હોમિયોપેથી સારવાર પણ આપવામાં આવશે જિલ્લા પંચાયત આયુર્વેદ શાખા દ્વારા જિલ્લાના તમામ નાગરિકોને આ કેમ્પનો લાભ લેવા જણાવાયું છે.

## જન્મદિવસની અનોખી ઉજવણી

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરના ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડા (જીગાબાપુ)એ પોતાનો જન્મદિવસ એચઆઈવી ગ્રસ્ત બાળકો વચ્ચે ઉજવ્યો હતો. તેમણે કેક કાપી બાળકોનું મોં મીઠું કરાવી જન્મદિવસની અનોખી ઉજવણી કરી હતી.




માર્ગ સલામતી સપ્તાહ અંતર્ગત સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી ગાંધીનગર અને શ્રધ્ધાદીપ બ્લડ બેંક ગાંધીનગરના સહયોગથી અને એઆરટીઓ ડી.એમ. પટેલ તથા એઆરટીઓ સી.ડી. પટેલના માર્ગદર્શન હેઠળ સ્ટાફ તથા કચેરીમાં આવેલ અરજદારના સહયોગથી રકતદાન શિબિરનું આયોજન સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત **GVKEMRI** દ્વારા કચેરીમાં આવેલા અરજદારો અને અન્ય વ્યકિતને તત્કાલ સમયે કેવી રીતે એમ્બ્યુલન્સ ૧૦૮નો ઉપયોગ કરવો તે વિશે એક પ્રદર્શન રજુ કરવામાં આવ્યું હતું.

## બેફામ જતા પીકઅપ ડાલાની અડફેટે એક્ટિવા ચાલક વિદ્યાર્થીનુ મૃત્યુ

**ભાઈજીપુરા ચોકડીથી પીડીપીયુ રોડ તરફ જતા એન્જિનિયરિંગના વિદ્યાર્થીને ડાલા ચાલકે અડફેટે મોતને ઘાટ ઉતાર્યો**

ગાંધીનગર, તા.૮

કોબા-ઈન્દિરા બ્રિજ હાઈવે ઉપર આવેલો ભાઈજીપુરા પાટીયા વિસ્તાર અકસ્માત ઝોન બની ગયો છે ત્યારે ગઈકાલે રાત્રે વધુ એક એક્ટિવા ચાલક વિદ્યાર્થીએ આ જ સ્થળે માર્ગ અકસ્માતમાં જીવ ખોયો હોવાનું ધ્યાને આવ્યું છે. પીડીપીયુ કોલેજમાં અભ્યાસ કરતો વિદ્યાર્થી ગઈકાલે રાત્રે ભાઈજીપુરા ચોકડીથી પીડીપીયુ રોડ તરફ જઈ રહ્યો હતો ત્યારે તેના એક્ટિવાને બેફામ ગતિએ આવી રહેલા પીકઅપ ડાલાના ચાલકે અડફેટે લઈ લેતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયેલા એક્ટિવા ચાલક વિદ્યાર્થીને તાત્કાલિક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો પરંતુ તેનું સારવાર દરમિયાન કરૂણ મૃત્યુ નિપજયુ હતું. તો બીજી તરફ અકસ્માત સર્જીને ડાલા ચાલક આરોપી તેનું વાહન લઈને રફુચક્કર થઈ ગયો હતો. આ મામલે ઈન્ફોસિટી પોલીસે ગુનો દાખલ કરીને આરોપી સુધી પહોંચવા કવાયત શરૂ કરી છે.

મળતી વિગતો મુજબ ૨૧ વર્ષિય વિશાલ મનિષભાઈ આચાર્ય પીડીપીયુ કોલેજમાં એન્જનિયરિંગના ચોથા વર્ષમાં અભ્યાસ કરતો હતો. તેનો પરિવાર અમદાવાદ ખાતે સોલામાં યુનીક એસેન્જામાં રહે છે, જયારે વિશાલ અભ્યાસ માટે સરગાસણ ખાતે પીજીમાં રહેતો હતો. ગઈ કાલે રાત્રે અગિયાર વાગ્યાના અરસામાં વિશાલ પોતાનું એક્ટિવા લઈને પીડીપીયુથી સરગાસણ તરફ નીકળ્યો હતો. ત્યારે ભાઈજીપુરા ચોકડી જતા રોડ પર એક પીકઅપ ડાલા નંબર જીજે ૧૮ એકસ ૪૮૭૪ ના ચાલકે એક્ટિવાને જબરદસ્ત ટક્કર મારી હતી. અકસ્માત થતા પીકઅપ ડાલાનો ચાલક ત્યાંથી નાસી છૂટ્યો હતો. બનાવ સ્થળ પાસેથી પસાર થતા રાહદારીઓનુ ટોળુ એકત્ર થઈ ગયુ હતુ અને તાત્કાલીક વિશાલને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડયો હતો. માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા વિશાલનું કરૂણ મૃત્યુ થયું હતું. વિશાલના મિત્રોએ તેના પરિવારજનોને જાણ કરતાં તેના માતા-પિતા પણ ગાંધીનગર સિવિલ દોડી આવ્યા હતા. તેના પિતા મનિષભાઈ રમણલાલ આચાર્યની ફરિયાદના આધારે ઈન્ફોસિટી પોલીસે પીકઅપ ડાલા ચાલક સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## જીટીપીએલના ગ્રાહકો ચેનલ બંધ રહેવાથી ત્રાહિમામ

ગાંધીનગર, તા.૮

જી.ટી.પી.એલ.ના ગ્રાહકોને જીટીપીએલ તરફથી તેમના કર્મચારીઓ દ્વારા ચેનલની નવી નીતિ સામે સંપૂર્ણ પણે વાકેફ કરવામાં આવ્યા નથી અને ઓચિંતી ચેનલો બંધ કરી દીધેલ છે. ઘણા ગ્રાહકોએ વાર્ષિક ફી ભરેલ છે છતાં છેલ્લા કેટલાય દિવસથી ચેનલો બંધ છે.

વિશેષમાં જીટીપીએલના પ્રતિનિધિઓ ફોન ઉપાડતા નથી અથવા સદંતર બંધ આવે છે. આમ વાર્ષિક ફી લીધા પછી પણ સગવડ અપાતી નથી આથી જીટીપીએલના ગ્રાહકો ત્રાહિમામ પોકારી ઉઠયા છે અને સત્વરે ગ્રાહકોને નવી નીતિથી સંપૂર્ણપણે વાકેફ કરવામાં આવે તેવી વિનંતી છે.

## ભ્રષ્ટાચાર નાબૂદી અંગે નિબંધ સ્પર્ધા યોજાઈ




ગાંધીનગર, તા.૮

માર્ગ સલામતી સપ્તાહના ભાગરૂપે પી.કે.ચૌધરી મહિલા કોલેજ ખાતે વસાહત મહામંડળ, દેના ગુજરાત ગ્રામીણ બેંક, લીડબેંક દેનાબેંક તથા ચૌધરી કોલેજના સંયુકત ઉપક્રમે માર્ગ સલામતી સાથે જ દેશમાંથી ભ્રષ્ટાચાર નાબુદ કરવા નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ નિબંધ સ્પર્ધામાં ૫૦ ઉપરાંત વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ત્રણ હરિફોને ઈનામ સાથે ભાગ લેનાર તમામને ભેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. બેંકના ચેરમેન શ્રી લુથરા, શ્રી બંસલ તથા લીડબેંકના મેનેજર વિનોદચંદ્ર ઉપાધ્યાય, અતુલસિંહ જેતાવત, પ્રદિપ સોલંકી અને મહામંડળના પ્રમુખ અરૂણ બુચના હસ્તે ઈનામોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત આરટીઓ ઈન્સ્પેકટર પલકબેન પટેલ તથા મહામંડળના પ્રમુખ અરૂણ બુચ દ્વારા માર્ગ સલામતિ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કોલેજના પ્રિન્સીપાલ ડૉ. ચૌધરી તથા સમગ્ર કોલેજ પરિવારે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના પ્રિન્સીપાલ એમ.એન. ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું.

## જિલ્લાને કુપોષણ મુક્ત જિલ્લો બનાવવા માટે વહીવટી તંત્ર અને ખાનગી કંપનીઓ 'મેં નહીં હમ' ના ભાવથી કામ કરશે

ગાંધીનગર, તા.૮

રાજયના પાટનગર ગાંધીનગર જિલ્લાને કુપોષણ મુક્ત જિલ્લો બનાવવા માટે ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર અને ખાનગી કંપનીઓ 'મેં નહીં હમ'ના ભાવથી કામ કરશે, તેવું આજરોજ ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી એસ.કે.લાંગાએ જિલ્લામા આગામી સમયમાં અસરકારક રીતે અમલી થનાર ત્રણ વિવિધ યોજના-કાર્યક્રમોના સુચારું આયોજન અર્થે મળેલી બેઠકમાં જણાવ્યું હતું. જિલ્લામાં ત્રણ વિવિધ યોજના- કાર્યક્રમની અસરકારક અમલવારી આગામી માર્ચ- ૨૦૧૯થી કરવામાં આવનાર છે.

ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી એસ.કે.લાંગાએ વધુમાં જણાવ્યું હતું કે, ગાંધીનગર જિલ્લા અને રાજયના ભવિષ્યને સમૃધ્ધ બનાવવા માટે ગાંધીનગર જિલ્લામાં કુપોષણ હેઠળના બાળકોને કુપોષણ મુક્ત કરવા અને ભવિષ્યમાં કુપોષણનો ભોગ કોઈ બાળક ન બને તેનું આયોજન થવું ખૂબ જ જરૂરી છે. આ માટે સમગ્ર જિલ્લાના કુપોષિત બાળકોને કુપોષણ મુક્ત બનાવવાનું અભિયાન ખૂબ જ સક્રિય રીતે ટુંક સમયમાં જિલ્લામાં શરૂ થનાર છે. આ અભિયાનને સાચા અર્થમાં સાર્થક બનાવવા માટે જિલ્લાના અધિકારી – કર્મચારીઓને માનવી અભિગમ દાખવી જોડાવવા અપીલ કરી હતી. તેમજ આ કામએ સમાજનું એટલે કે આપણા સૌનું કામ છે.આ કામમાં જિલ્લાના ૨૦૦ જેટલા અધિકારીઓને ૩૦૩ ગામોની અને તેમાંના અલ્પપોષિત/કુપોષિત બાળકોની જવાબદારી સોંપવામાં આવશે.




કુપોષણ મુક્ત જિલ્લાનું અભિયાન વધુ સુચારું રીતે અને પરિણામલક્ષી બને તે માટે જિલ્લાની ખાનગી અને દેશમાં પ્રતિષ્ઠિત હોય તેવી કંપનીઓ જેવી કે, આઈ.ઓ.સી., ઓ.એન.જી.સી, ટોરેન્ટ પાવાર, જે.કે.લક્ષ્મી સિમેન્ટ, અરવિંદ મીલ્સ લિ., જેવી અનેક વરિષ્ઠ કંપનીઓ પણ તેઓનાં સીઆરએસ કાર્યક્રમ અંતર્ગત સહભાગી થશે. યોજનાની અમલવારી તેની મોડાલીટીઝ સુનિશ્ચિત કરી સરકારશ્રીના નીતી- નિયમો અને માળખા મુજબ જ કરવામાં આવશે.

તેમજ જિલ્લાના વડીલોને રાજયના વિવિધ ધાર્મિક સ્થળોએ દર્શન કરવા જવા માટે રાજય સરકારની શ્રવણતીર્થ યોજનાની માહિતી આપી હતી. આ યોજનાનો લાભ વધુમાં વધુ જિલ્લાના વડીલો લઈ શકે તે માટેની એક ચોક્કસ રૂપરેખા ઘડી કાઢવામાં આવેલ છે. જેનો સુચારું અમલ શરૂ કરવામાં આવશે. આ ત્રણેય યોજનાની અસરકારક અમલવારી આગામી માર્ચ – ૨૦૧૯ થી કરવામાં આવશે.

આ બેઠકમાં કુપોષણ મુક્ત અભિયાન અને એસ.ઓ.એસ. કાર્યક્રમને વધુ સાર્થક બનાવવા સહભાગી થનાર તમામ ખાનગી કંપનીઓ અને દાતાઓનો જિલ્લા વહીવટી તંત્ર વતી કલેકટરશ્રીએ આભાર વ્યક્ત કર્યો હતો.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.આર. રાવલ, નિવાસી અધિક કલેકટર શ્રી એચ.એમ.જાડેજા, ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ અને ખાનગી કંપનીઓના કોર્પોરટ હેડ – પ્રતિનિધિશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## @ગાંધીનગર

- મધ્યાહ્ન ભોજન યોજનાના કર્મચારીઓ સે-૬ સત્યાગ્રાહ છાવણી ખાતે આમરણાંત ઉપવાસ પર ઉતરશે.
- હેપ્પી યુથ કલબ અને સરકારી આયુર્વેદ હોસ્પિટલના સંયુકત ઉપક્રમે વિના મુલ્યે સર્વરોગ નિદાન કેમ્પ સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન યોજાશે.

## ચિરવિદાય

- સ્વ. કમળાબેન કાન્તીલાલ પંડયા, ઉ.વ. ૯૨
- સ્વ. રંજનબેન કીરીટકુમાર પ્રજાપતિ, ઉ.વ. ૪૭